**SARDAR PATEL UNIVERSITY**
**B.COM (III SEMESTER) (CBCS) EXAMINATION**
**2012**
**Monday, 26th November**
**10.30 am - 12.30 pm**
**UB03ECOM01/13: ADVANCE ACCOUNTING & AUDITING : PAPER- V**

**કુલ ગુણ : ૬૦**

**નોંધ :** જમણી બાજુના આંક જે તે પ્રશ્નનાં ગુણભાર દર્શાવે છે.

પ્ર.૧ તા. ૩૧-૩-૨૦૧૨નાં રોજની નીચે આપેલ બાકીઓ તથા વધારાની માહીતી પરથી કનીષા (૧૫)
લિમીટિડનું પાકુ સરવૈયુ ઉભા પત્રકમાં જરૂરી પરીશિષ્ટ સહિત તૈયાર કરો.

| ઉધાર બાકીઓ | રૂા. | જમા બાકીઓ | રૂા. |
|---|---|---|---|
| પાઘડી | ૯૦૦૦૦ | ઇક્વીટી શેરમૂડી | ૭૦૦૦૦૦ |
| બાકી હપ્તા | ૨૦૦૦૦ | ૧૨%ના ગીરો ડીબેંચર | ૨૪૦૦૦૦ |
| મકાનો (મૂ.કી. રૂા. ૭ લાખ) | ૫૦૦૦૦૦ | શેર પ્રીમિયમ | ૧૦૦૦૦૦ |
| યંત્રો (મૂ.કી. રૂા. ૮ લાખ) | ૬૦૦૦૦૦ | શેર જપ્તી ખાતુ | ૪૦૦૦૦ |
| કસ્ટમ ડીપોઝીટ | ૮૦૦૦૦ | જાહેર થાપણ | ૧૫૦૦૦૦ |
| સરકારી જામીનગીરીઓ | ૧૨૦૦૦૦ | બેન્ક ઓવરડ્રાફ્ટ | ૭૦૦૦૦ |
| એડવાન્સ ટેક્ષ | ૫૪૦૦૦ | ડીવીડંડ સમતુલા ભંડોળ | ૬૦૦૦૦ |
| આખર સ્ટોક | ૨૦૦૦૦૦ | સામાન્ય અનામત | ૨૦૦૦૦૦ |
| ગૌણ કંપનીના શેર | ૧૬૦૦૦૦ | સૂચીત ડીવીડંડ | ૧૨૦૦૦૦ |
| મનીષા લિ.ના શેર રૂા. ૧૦નો એક એવા શેરદીઠ રૂા. ૮ ભરપાઇ થયેલ | ૮૦૦૦૦ | નહીં મંગાવેલ ડીવીડંડ | ૨૦૦૦૦ |
| | | સ્ટાફ પ્રોવીડંડ ફંડ | ૯૫૦૦૦ |
| | | નફા નુકસાન ખાતુ | ૧૫૫૦૦૦ |
| રોકાણ પર ચઢેલ વ્યાજ | ૩૦૦૦૦ | મૂડી અનામત | ૩૦૦૦૦ |
| માર્ગસ્થ માલ | ૪૦૦૦૦ | લેણદારો | ૧૫૪૦૦૦ |
| સ્ટોર્સ અને સ્પેરપાર્ટ્સ | ૨૦૦૦૦ | દેવી હૂંડીઓ | ૩૨૦૦૦ |
| પ્રાથમિક ખર્ચા | ૩૨૦૦૦ | ઘાલખાધ અનામત | ૨૮૦૦૦ |
| પરચૂરણ દેવાદારો | ૧૬૮૦૦૦ | ડીબેંચર પર ચઢેલ અને દેવું થયેલ વ્યાજ | ૧૮૦૦૦ |
| અગાઉથી ચૂકવેલ વીમો | ૧૦૦૦૦ | | |
| રોકડ અને બેંક | ૫૫૦૦૦ | કરવેરાની જોગવાઇ | ૮૮૦૦૦ |
| બાંહેધરી કમીશન | ૧૧૦૦૦ | | |
| લેણી હુંડીઓ | ૩૦૦૦૦ | | |
| | **૨૩૦૦૦૦૦** | | **૨૩૦૦૦૦૦** |

**વધારાની માહિતી :**

૧) કંપનીની સત્તાવાર મૂડી રૂા. ૨૦ લાખ છે જે રૂા. ૧૦નો એક એવા ઇક્વીટી શેર ધરાવે છે.
૨) પૂર્ણ ભરપાઇ થયેલા ૫૦૦૦ શેર રોકડ સિવાયનાં અવેજથી આપેલા છે.
૩) બાકી હપ્તામાં સંચાલકો પાસેથી રૂા. ૬૦૦૦નો સમાવેશ થાય છે.
૪) દેવાદારો પૈકી રૂા. ૪૦૦૦૦ છ માસ કરતા વધુ સમયથી લેણા છે.
૫) વર્ષ દરમિયાન સામાન્ય અનામત ખાતે તથા ડીવીડંડ સમતુલા ભંડોળ ખાતે અનુક્રમે રૂા. ૨૦૦૦૦ અને રૂા. ૫૦૦૦ ફાળવેલા છે.

૬) રૂા. ૨૫૦૦૦ની હૂંડીઓ વટાવેલી છે, જે જૂન, ૨૦૧૨માં પાકવાની છે.

**અથવા**

પ્ર.૧ તા. ૩૧-૩-૨૦૧૨નાં રોજની નીચેની બાકીઓ તથા વધારાની માહિતી પરથી રૂચી લિમીટેડનું નફા નુકશાન ખાતુ તથા પાકુ સરવૈયુ ઉભા પત્રકમાં પરિશિષ્ટ વગરનું બનાવો. (૧૫)

| ઉધાર બાકીઓ | રૂા. | જમા બાકીઓ | રૂા. |
|---|---|---|---|
| બાકી હપ્તા | ૫૦૦૦ | ઇક્વીટી શેરમૂડી | ૫૦૦૦૦૦ |
| દેવાદારો | ૧૧૦૦૦૦ | શેરજપ્ત ખાતુ | ૭૫૦૦ |
| ડીબેંચર પર વટાવ | ૫૦૦૦ | ૧૨%ના ગીરો ડીબેંચર (તા. ૩૧-૩-૨૦૧૬નાં રોજ પરત) | |
| લેણી હૂંડીઓ | ૨૫૦૦૦ | | |
| બેન્ક ઓવરડ્રાફ્ટ પર વ્યાજ | ૮૦૦૦ | | ૧૦૦૦૦૦ |
| ઘાલખાધ | ૬૦૦૦ | લેણદારો | ૭૫૦૦૦ |
| ડીબેંચર પર વ્યાજ | ૯૦૦૦ | દેવી હૂંડીઓ | ૧૫૦૦૦ |
| સ્ટોર્સ-સ્પેરપાર્ટ્સ | ૨૨૫૦ | કાચો નફો | ૩૮૫૦૦૦ |
| આખર સ્ટોક | ૪૩૫૦૦ | નફા નુકસાન ખાતું (૧-૪-૧૧) | ૪૭૫૦૦ |
| વીમા પ્રીમિયમ | ૩૦૦૦ | કરવેરાની જોગવાઇ(૧-૪-૧૧) | ૨૭૫૦૦ |
| મકાનો | ૨૫૦૦૦૦ | બેન્ક ઓવરડ્રાફ્ટ | ૫૦૦૦૦ |
| યંત્રો | ૪૦૦૦૦૦ | ઘાલખાધ અનામત | ૭૫૦૦ |
| માર્ગસ્થ માલ | ૨૦૦૦ | સામાન્ય અનામત | ૨૫૦૦૦ |
| ચૂકવેલ આવકવેરો | ૩૦૦૦૦ | ડીબેંચર પરતનિધી | ૨૦૦૦૦ |
| પગાર | ૬૦૦૦૦ | મળેલ વટાવ | ૬૦૦૦ |
| વહીવટી ખર્ચા | ૬૫૦૦૦ | શેર ફેરબદલી ફી | ૨૦૦૦ |
| આપેલ વટાવ | ૬૭૫૦ | રોકાણ પર વ્યાજ | ૨૮૦૦૦ |
| સોહમ લિ.ના શેર | ૧૪૦૦૦૦ | | |
| સરકારી જામીનગીરીઓ | ૧૦૦૦૦૦ | | |
| ઓડીટ ફી | ૨૫૦૦ | | |
| ડીબે. પરતનિધી રોકાણો | ૨૦૦૦૦ | | |
| પ્રાથમિક ખર્ચા | ૩૦૦૦ | | |
| | ૧૨૯૬૦૦૦ | | ૧૨૯૬૦૦૦ |

**વધારાની માહિતી :**

૧) યંત્રો તથા મકાનો પર ૧૦% ઘસારાની જોગવાઇ કરો.
૨) હાલ ઘાલખાધ અનામત રૂા. ૧૦૦૦૦ રાખવાની છે.
૩) ચૂકવવાનો બાકી પગાર રૂા. ૬૦૦૦ તથા અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ રૂા. ૫૦૦
૪) એક તૃતીયાંશ પ્રાથમીક ખર્ચા તથા એક પંચમાંશ ડીબેંચર વટાવ માંડી વાળવાનાં છે.
૫) લેણુ થયેલ પરંતુ નહીં મળેલ વ્યાજ રૂા. ૨૦૦૦
૬) ચાલુ વર્ષ માટે કરવેરાની જોગવાઇ રૂા. ૬૦૦૦૦ રાખવાની છે.
૭) સંચાલકોએ સામાન્ય અનામત ખાતે રૂા. ૧૦૦૦૦ તથા ડીબે. પરતનિધી ખાતે રૂા. ૫૦૦૦ની ફાળવણી કર્યા બાદ ભરપાઇ થયેલ શેરમૂડી પર ૧૦% ડીવીડંડની ભલામણ કરી છે.

પ્ર.૨ મોન્ટુ લિમીટિડની તા. ૧-૫-૨૦૧૧ના રોજ નોંધણી (સ્થાપના) કરવામાં આવી અને કંપનીએ તા. ૧-૧-૨૦૧૧ના રોજથી ચાલુ ધંધો ખરીદી લીધો હતો. કંપનીનું તા. ૩૧-૧૨-૨૦૧૧ના રોજ પુરા થતા વર્ષનું નફા નુકસાન ખાતુ નીચે મુજબ છે. (૧૫)

| ઉધાર | રૂા. | જમા | રૂા. |
|---|---|---|---|
| પગાર | ૪૬૦૦૦ | કાચો નફો | ૧૩૫૦૦૦ |
| ભાડુ | ૯૦૦૦ | રોકાણ પર વ્યાજ | ૩૦૦૦ |
| વીમા પ્રીમિયમ | ૧૨૦૦ | ઘાલખાધ પરત | |
| આપેલ વટાવ | ૧૮૦૦ | (વર્ષ ૨૦૧૦માં માંડી વાળેલ) | ૧૦૦૦ |
| જાવકમાલ ગાડાભાડુ | ૧૫૦૦ | | |
| ટેલીફોન અને પોસ્ટેજ | ૨૭૦૦ | | |
| ઘસારો | ૪૫૦૦ | | |
| ખરીદકિંમત પરનું વ્યાજ | ૪૦૦૦ | | |
| રોકાણ પરની ખોટ | ૧૦૦૦ | | |
| માંડી વાળેલ પ્રાથમીક ખર્ચ | ૨૫૦૦ | | |
| ઓફીસ ખર્ચ | ૧૮૦૦૦ | | |
| જાહેરાત ખર્ચ | ૨૧૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૨૫૮૦૦ | | |
| | **૧૩૯૦૦૦** | | **૧૩૯૦૦૦** |

નીચેની માહિતીને ધ્યાનમાં લઇને નોંધણી પહેલાનો તથા પછીનો નફો કે નુકસાન દર્શાવતું પત્રક તૈયાર કરો.

૧) પ્રથમ ત્રણ માસ દરમ્યાન સરેરાશ માસીક વેચાણ ત્યાર પછીનાં સરેરાશ માસિક વેચાણ કરતાં બમણું હતું.
૨) રોકાણો તા. ૩૦-૬-૨૦૧૧ના રોજ વેચી દેવામાં આવ્યા હતાં.
૩) પગારમાં ડીરેક્ટર ફી રૂા. ૧૦૦૦૦નો સમાવેશ થાય છે.
૪) જુલાઇ, ૨૦૧૧થી માસિક ભાડુ બમણું કરવામાં આવ્યું હતું.
૫) જાહેરાત ખર્ચમાં એક જાહેરાત એજન્સીને વાર્ષિક કરાર અન્વયે ચૂકવેલ રૂા. ૧૨૦૦૦નો સમાવેશ થાય છે.
૬) ખરીદ કિંમત તા. ૩૧-૮-૨૦૧૧ના રોજ ચૂકવવામાં આવી હતી.

**અથવા**

પ્ર.૨

(અ) નોંધણી પહેલાનાં/પછીનાં નફા કે નુકસાન નિર્ધારીત કરવાની વિવિધ રીતો સંક્ષિપ્તમાં વર્ણવો. (૦૬)

(બ) સમયનું પ્રમાણ તથા વેચાણનું પ્રમાણ શોધો.
(૦૫)

૧) ધંધાની ખરીદ તારીખ - ૧-૪-૨૦૧૧
૨) નોંધણીના પ્રમાણપત્રની તારીખ - ૧-૮-૨૦૧૧
૩) ધંધો શરૂ કરવાનાં પ્રમાણપત્રની તારીખ - ૩૦-૯-૨૦૧૧

૪) તા. ૩૧-૧૨-૨૦૧૧નાં રોજ પુરા થતા સમયનાં વાર્ષિક હિસાબો તૈયાર કર્યા.
૫) પહેલા ચાર માસનું કુલ વેચાણ બાકીનાં સમયનાં કુલ વેચાણનાં ૬૦% હતું.

(ક) નોંધણી પહેલાનાં/પછીનાં નફા કે નુકસાનની ગણતરી કરતી વખતે નીચેનાં ખર્ચની ફાળવણી કેવી રીતે કરશો ? (૦૪)

૧) ડીબેંચર પરનું વ્યાજ ૨) મિલ્કત વેચાણની ખોટ ૩) છપામણી અને સ્ટેશનરી
૪) ઘાલખાધ ૫) ડીરેક્ટર ફી ૬) જાવકમાલ ગાડાભાડુ
૭) ડીલીવરી વાહનનાં ખર્ચ ૮) વેચાણકર્તા (સેલ્સમેન)નું કમીશન

પ્ર.૩ સિક લિ.નું તા. ૩૧-૩-૨૦૧૨નું પાકુ સરવૈયુ નીચે મુજબ છે. (૧૫)

| જવાબદારીઓ | રૂ. | મિલ્કતો | રૂ. |
|---|---|---|---|
| ઇક્વીટ શેરમૂડીઃ રૂ. ૧૦નો એક એવા પૂર્ણ ભરપાઇ શેર | ૨૫૦૦૦૦ | પાઘડી | ૫૦૦૦૦ |
| ૮%ની ક્યુ. પ્રેફ. શેરમૂડી રૂ. ૧૦૦નો એક એવા પૂર્ણ ભરપાઇ શેર | ૨૦૦૦૦૦ | જમીન-મકાન | ૩૫૦૦૦૦ |
| | | ફર્નિચર | ૫૦૦૦૦ |
| | | રોકાણો (બજાર કિંમત રૂ. ૮૦૦૦૦) | ૧૦૦૦૦૦ |
| | | સ્ટોક | ૯૫૦૦૦ |
| શેર પ્રીમિયમ | ૫૦૦૦૦ | દેવાદારો | ૪૦૦૦૦ |
| ૧૨%ના ગીરો ડીબેંચર | ૨૦૦૦૦૦ | બેન્ક સિલક | ૩૫૦૦૦ |
| લેણદારો | ૧૫૦૦૦૦ | પ્રાથમિક ખર્ચા | ૧૦૦૦૦ |
| સંચાલકોની લોન | ૩૦૦૦૦ | નફા નુકસાન ખાતુ | ૧૫૦૦૦૦ |
| | ૮૮૦૦૦૦ | | ૮૮૦૦૦૦ |

અદાલત દ્વારા મૂડી ઘટાડાની નીચેની યોજના મંજૂર કરવામાં આવી.

૧) ઇક્વીટી શેર શેરદીઠ રૂા. ૨ સુધી ઘટાડવા જ્યારે પ્રેફરન્સ શેર શેરદીઠ રૂા. ૨૦થી ઘટાડવા.
૨) મૂડી ઘટાડા માટે શેર પ્રીમિયમનો ઉપયોગ કરવાનો છે.
૩) ડીબેંચર ધારકોએ પોતાનાં દાવાનાં ૪૦% જતા કર્યા અને બાકીનાં દેવાની પતાવટ પેટે તેમને ૧૪%નાં ડીબેંચર (રૂા. ૧૦૦નો એક) આપવા.
૪) લેણદારોએ તેમનાં દાવા પૈકી ૨૦% જતા કરવાનું નક્કી કર્યું.
૫) સંચાલકોએ તેમની લોનની અંતિમ પતાવટ પેટે ૮૦% રકમનાં ઇક્વીટી શેર તથા ૧૦% રકમ રોકડમાં સ્વીકારી.
૬) નફા નુકસાન ખાતુ અને બધી જ અદ્રશ્ય-અવાસ્તવિક મિલ્કતો માંડી વાળવાની છે.
૭) રોકાણો તેમની બજાર કિંમતે દર્શાવવાનાં છે અને ફર્નિચરનું પુનઃ મૂલ્યાંકન રૂા. ૨૧૦૦૦ કરવામાં આવ્યું.
૮) મૂડી ઘટાડા ખાતાની બાકીની રકમ જમીન-મકાનનાં પૂનઃમૂલ્યાંકન દ્વારા ઉપયોગમાં લેવાની છે.

આમનોંધ લખો અને ત્યારબાદનું પાકુ સરવૈયુ બનાવો.

**અથવા**

પ્ર.૩

(અ) મૂડી ઘટાડો એટલે શું ? મૂડી ઘટાડા અંગે કંપની ધારાની જોગવાઇઓ અને મૂડી ઘટાડાની (૦૯)
વિવિધ રીતો ચર્ચો.

(બ) મૂડી ઘટાડાની યોજના અન્વયે નીચેની દરેક બાબત અંગે આમનોંધ લખો. (૦૬)

૧) એક કંપનીનાં ચોપડામાં લેણદારો રૂા. ૧૫૦૦૦૦ અને જમીન રૂા. ૬૦૦૦૦ દર્શાવેલ છે.

લેણદારોએ તેમના દેવાનાં ૩૦% જતા કર્યા અને દેવાની અંતિમ પતાવટ પેટે જમીન સ્વીકારી.

૨) એક કંપનીની ૧૨%ની ક્યુ. પ્રેફરન્સ શેરમૂડી રૂા. ૨૦૦૦૦૦ છે. ત્રણ વર્ષનું પ્રેફરન્સ શેર ડીવીડંડ ચૂકવવાનું બાકી છે. પ્રેફરન્સ શેરહોલ્ડરો બાકી ડીવીડંડનાં ૨૫% નાણાં રોકડમાં લેવા સંમત થયા.

૩) એક કંપનીની બહાર પાડેલ અને ભરપાઇ થયેલ શરેમૂડી રૂા.૧૦૦નો એક એવા પૂર્ણ ભરપાઇ થયેલ ૧૦૦૦૦ ઇક્વીટી શેરની છે. મૂડી ઘટાડાની યોજના પ્રમાણે ઇક્વીટી શેર શેરદીઠ રૂા. ૪૦ સુધી ઘટાડવામાં આવ્યા.

પ્ર.૪ બોગસ લિમીટેડ તા. ૩૧-૩-૨૦૧૨ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઇ. આ દિવસે કંપનીનું પાકુ સરવૈયુ નીચે મુજબ હતું. (૧૫)

| જવાબદારીઓ | રૂા. | મિલ્કતો | રૂા. |
|---|---|---|---|
| ૧૦%ની ક્યુ. પ્રેફરન્સ | ૬૦૦૦૦ | મકાન | ૮૦૦૦૦ |
| શેરમૂડી | | | |
| ઇક્વીટી શેરમૂડી રૂા. ૧૦નો | | યંત્રો | ૧૦૦૦૦ |
| એક એવા શેરદીઠ રૂા. ૮ | | ફર્નિચર | ૦ |
| ભરપાઇ | ૨૪૦૦૦ | રોકાણો | ૧૦૦૦૦ |
| | ૦ | | ૭૦૦૦૦ |
| ૮%ના ડીબેંચર (તરતો બોજ) | ૫૦૦૦૦ | સ્ટોક | ૫૦૦૦૦ |
| ડીબેંચરનું બાકી વ્યાજ | ૪૦૦૦ | દેવાદારો | ૭૮૦૦૦ |
| પરચૂરણ જવાબદારીઓ | ૧૪૬૦૦ | રોકડ અને બેંક | ૨૪૦૦૦ |
| | ૦ | | |
| | | નફા નુકસાન ખાતુ | ૮૮૦૦૦ |
| | **૫૦૦૦૦** | | **૫૦૦૦૦** |
| | **૦** | | **૦** |

પરચૂરણ જવાબદારીમાં પસંદગીનાં લેણદારો રૂા. ૧૨૦૦૦ અને રોકાણોનાં ગીરોહક્ક દ્વારા સુરક્ષીત રૂા. ૪૦૦૦૦નાં એક લેણદારોનો સમાવેશ થાય છે જેમણે વેચાણનાં રૂા. ૫૫૦૦૦ ઉપજાવ્યા અને વધારાની રકમ ફડચા અધિકારીને પરત કરી.

મિલ્કતોની ઉપજ કિંમત - મકાનો : રૂા. ૮૮૦૦૦, યંત્રો - રૂા. ૮૨૦૦૦, ફર્નિચર - રૂા. ૧૨૦૦૦, સ્ટોક - રૂા. ૪૦૦૦૦ અને દેવાદારો - રૂા. ૭૮૦૦૦.

પ્રેફરન્સ શેરનું એક વર્ષનું ડીવીડંડ બાકી છે. ડીબેંચર હોલ્ડરોને તા. ૩૦-૬-૨૦૧૨ના રોજ નાણા ચૂકવાયા હતા.

ફડચાનાં ખર્ચ રૂા. ૫૨૪૦ થયા. ફડચા અધિકારીને સલામત લેણદારો પાસેથી મળેલ વધારા સિવાયની મિલ્કતોની તેણે ઉપજાવેલ રકમનાં ૫%, બિન સલામત લેણદારો (પસંદગીના લેણદારો સિવાય) ને ચૂકવેલ રકમનાં ૪% તથા ઇક્વીટી શેરધારકોને વહેંચેલ રકમનાં ૧૦% પ્રમાણે મહેનતાણું આપવાનું છે.

લિક્વીડેટર (ફડચા અધિકારી)નું અંતિમ હિસાબી પત્રક તૈયાર કરો.

**અથવા**

પ્ર.૪

(અ) તા. ૩૧-૩-૨૦૧૨ના રોજ ગરીબ લિમીટેડ સ્વૈચ્છિક ફડચામાં ગઇ. આ દિવસે તેની સ્થિતિ નીચે (૦૮)

મુજબ હતી.

૧) શેરમૂડીઃ

અ) રૂા. ૧૦૦નો એક એવા ૧૦૦૦ પૂર્ણ ભરપાઇ પ્રેફરન્સ શેર

ब) રૂા. ૧૦નો એક એવા ૧૦૦૦૦ પૂર્ણ ભરપાઇ ઇક્વીટી શેર
ક) રૂા. ૧૦નો એક એવા શેરદીઠ રૂા. ૮ ભરપાઇ થયેલ ૮૦૦૦ ઇક્વીટી શેર
ડ) રૂા. ૧૦નો એક એવા શેરદીઠ રૂા. ૭ ભરપાઇ થયેલ ૭૦૦૦ ઇક્વીટી શેર

૨) રૂા. ૫૦૦૦ના પસંદગીના લેણદારો સહિત કુલ લેણદારો - રૂા. ૧૦૫૦૦૦
૩) ફડચાનાં ખર્ચ રૂા. ૩૦૦૦
૪) મિલ્કતોની ઉપજનાં ૨% લેખે ફડચા અધિકારીનું મહેનતાણું - રૂા. ૪૦૦૦

લિક્વીડેટર (ફડચા અધિકારી)નું અંતિમ હિસાબી પત્રક તૈયાર કરો.

(બ) સ્વૈચ્છિક ફડચા માટેનાં સંજોગોની ચર્ચા કરો. (૦૪)

(ક) પસંદગીનાં લેણદારોની યાદી બનાવો. (૦૩)

☺☺☺☺☺